પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૩ | ૧૪ એપ્રિલ, ૨૦૨૨, ગુરૂવાર; ચૈત્ર સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ૯૦ પાયલોટસના ઊડાન પર પ્રતિબંધ

**તંત્રએ સ્પાઈસ જેટના પાયલોટ્સને મેક્સની ઉડાન માટે અટકાવ્યા તેમને ફ્લાઈટની ઉડાન માટે ફરી ટ્રેઈનિંગ લેવા જણાવ્યું : ભારતીય એવિએશન રેગ્યુલેટર દ્વારા કાર્યવાહી**



સ્પાઈજેટના ૯૦ પાઈલોટ્સ પર ડીજીસીએની કાર્યવાહી

નવી દિલ્હી, તા.૧૩

ભારતીય એવિએશન રેગ્યુલેટર ડીજીસીએએ સ્પાઈસજેટના ૯૦ પાયલોટ્સને યોગ્ય રીતે પ્રશિક્ષિત ન હોવાના કારણે બોઈંગ ૭૩૭ મેક્સ વિમાનની ઉડાન માટે અટકાવી દીધા છે. ડીજીસીએચીફ અરૂણ કુમારે જણાવ્યું કે, 'હાલ અમે આ પાયલોટ્સને મેક્સની ઉડાન માટે અટકાવી દીધા છે અને તેમને ફલાઈટની ઉડાન માટે ફરી ટ્રેઈનિંગ લેવા જણાવ્યું છે.'

વધુમાં જણાવ્યું કે, રેગ્યુલેટર આ પ્રકારની ચૂક માટે જવાબદાર ગણાશે તેવા લોકો વિરૂદ્ધ આકરી કાર્યવાહી કરશે અને આવા પાયલોટ્સે મેક્સસિમ્યુલેટર પર ઉચિત રીતે ફરી ટ્રેઈનિંગ લેવી પડશે. ૧૩ માર્ચ ૨૦૧૯ના રોજ અદીસ અબીબા પાસે ઈથોપિયન એરલાઈન્સ ૭૩૭ મેક્સફલાઈટ દુર્ઘટનાગ્રસ્ત થઈ હતી અને તેના ૩ દિવસ બાદ ડીજીસીએએ બોઈંગ ૭૩૭ મેક્સફલાઈટ્સનું ભારતમાં ઓપરેશન અટકાવી દીધું હતું. તે દુર્ઘટનામાં ૪ ભારતીયો સહિત ૧૫૭ લોકો માર્યા ગયા હતા.

ડીજીસીએએ અમેરિકી એરક્રાફ્ટ મેકર Boeing દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

# રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાનની મુદત ૨૦૨૬ સુધી લંબાવાઈ

**ગ્રામીણ વિસ્તારોમાં વિકાસની ગતિ વધારવા માટે મહત્વનો નિર્ણય : કેન્દ્રીય કેબિનેટે રૂ. ૫,૯૧૧ કરોડના બજેટ સાથે ૨૦૨૫ થી ૨૬ સુધી રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન ચાલુ રાખવા માટેની મંજૂરી આપી દીધી**

નવી દિલ્હી, તા.૧૩

કેન્દ્ર સરકારે ગ્રામીણ વિસ્તારોમાં વિકાસની ગતિ વધારવા માટે મહત્વનો નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન યોજનાની મુદત લંબાવી છે.

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ પ્રધાન અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે રૂ. ૫,૯૧૧ કરોડના બજેટ સાથે ૨૦૨૫ થી ૨૬ સુધી રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન ચાલુ રાખવાની મંજૂરી આપી હતી. જેમાં ૩,૭૦૦ કરોડ રૂપિયા કેન્દ્ર સરકાર જ્યારે ૨,૨૧૧ કરોડ રૂપિયા રાજ્ય સરકારો ખર્ચ કરશે.



કેબિનેટે આજે ૫,૯૧૧ કરોડ રૂપિયાના ખર્ચ સાથે રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાનને ૨૦૨૫-૨૬ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપી છે, કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે કેબિનેટ બ્રીફિંગમાં જણાવ્યું હતું.

કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે પત્રકારોને જણાવ્યું કે રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન હવે ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવ્યું છે.

આ યોજનામાં બજેટમાં ૬૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૫-૨૬ સુધીમાં, આ યોજના પર ૫,૯૧૧ કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે, જેમાંથી ૩,૭૦૦ કરોડ રૂપિયા કેન્દ્ર દ્વારા જ્યારે ૨,૨૧૧ કરોડ રૂપિયા રાજ્યો દ્વારા ખર્ચવામાં આવશે. આ યોજના દ્વારા ૨.૭૮ લાખ ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓને ટકાઉ વિકાસના લક્ષ્યાંકને પૂર્ણ કરવામાં મદદ કરવામાં આવશે. અગાઉ આ યોજના હેઠળ ૧.૩૬ કરોડ લોકોને તાલીમ આપવામાં આવી હતી. ભવિષ્યમાં આ અંતર્ગત ૧.૬૫ કરોડ લોકોને પ્રશિક્ષિત કરવામાં આવશે. એક માહિતી અનુસાર, આ યોજના હેઠળ રાષ્ટ્રીય મહત્વના વિષયોને પ્રાથમિકતા આપવામાં આવશે.

ગામડાઓમાં ગરીબી મુક્ત અને વધેલી

# દેશના ૨૯ જિલ્લામાં કોરોના અનિયંત્રિત

**દેશમાં ચોથી લહેરની આશંકા : વિશ્વના અનેક દેશોમાં કોરોનાના હાહાકાર : અમેરિકા, બ્રાઝિલ, જર્મની, ઓસ્ટ્રેલિયા, રશિયા, ઈટાલી, ફ્રાન્સ, જાપાન, થાઈલેન્ડ, દ.કોરિયામાં કોરોનાની ચોથી લહેર**

નવી દિલ્હી, તા.૧૩

દેશમાં ફરી કોરોનાનો ફેલાવો શરૂ થયો છે. તે ચોથા તરંગનો અવાજ પણ હોઈ શકે છે. ઓછામાં ઓછા આંકડા તે દિશામાં નિર્દેશ કરે છે. આવી સ્થિતિમાં ફરી એકવાર બધાએ સતર્ક રહેવાની જરૂર છે. મંગળવારે વિશ્વમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૫૦ કરોડને વટાવી ગઈ છે. વિશ્વના ૧૦ દેશોમાં પણ કોરોનાની ચોથી લહેર દસ્તક આપી ચૂકી છે. જેમાં અમેરિકા, બ્રાઝિલ, જર્મની, ઓસ્ટ્રેલિયા, રશિયા, ઈટાલી, ફ્રાન્સ, જાપાન, થાઈલેન્ડ, દક્ષિણ કોરિયા અને ઓસ્ટ્રિયાનો સમાવેશ થાય છે.

ભારતના આંકડા પણ ડરામણા છે. છેલ્લા ૨૮ દિવસમાં દેશમાં ૫,૪૭૪ લોકોના મોત થયા છે. આ દરમિયાન ૪૦ હજાર ૮૬૬ લોકો સંક્રમિત જોવા મળ્યા હતા. જો કે, એ પણ રાહતની વાત છે કે આ ચાર અઠવાડિયામાં ૫૮ હજાર ૧૫૮ લોકો સંક્રમણમાંથી સાજા પણ થયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર દેશના ૨૯ જિલ્લામાં કોરોના બેકાબૂ છે. એટલે કે આ જિલ્લાઓમાં પોઝિટિવિટી રેટ ૫ ટકાથી વધુ છે. કેરળના ૧૪ જિલ્લામાં હાલત સૌથી ખરાબ છે. આ તમામ જિલ્લાઓમાં ૧૦ ટકાથી વધુનો પોઝિટિવિટી રેટ છે. મતલબ કે જો ૧૦૦ લોકોનું પરીક્ષણ કરવામાં આવે છે, તો તેમાંથી ૧૦ થી વધુ ચેપગ્રસ્ત જોવા મળે છે. એ જ રીતે, મિઝોરમના સાત જિલ્લાઓમાં પોઝિટિવિટી રેટ ૧૦ ટકાથી વધુ છે અને ત્રણ જિલ્લામાં પોઝિટિવિટી રેટ ૫ થી ૧૦ ટકા છે. હરિયાણાના ગુરુગ્રામમાં પણ સ્થિતિ ચિંતાજનક છે. અહીં પોઝિટિવિટી રેટ ૫.૮૧% છે. આ ઉપરાંત, મણિપુર અને ઓડિશામાં એક-એક જિલ્લો એવો છે જ્યાં પોઝિટિવિટી રેટ ૫ ટકાથી વધુ છે. અરુણાચલ પ્રદેશના અપર સિયાંગમાં તપાસ કરવામાં આવતા તમામ લોકો સંક્રમિત હોવાનું જાણવા મળ્યું છે.

# અમેરિકા અને ભારતે હિંદ-પ્રશાંત ક્ષેત્રના વિકાસ માટે પણ કામ કર્યું છે : અમેરિકી વિદેશમંત્રી

**કોરોનાના પડકારો દરમિયાન બંને દેશોની ભૂમિકા પ્રશંસનીય રહી છે : અમેરિકી વિદેશમંત્રી એન્ટની બ્લિંકને કહ્યું**

વોશિંગ્ટન, તા.૧૩

અમેરિકી વિદેશમંત્રી એન્ટની બ્લિંકને કહ્યું કે અમેરિકા અને ભારતે આપસી હિતો ઉપરાંત હિંદ-પ્રશાંત ક્ષેત્રના વિકાસ માટે પણ કામ કર્યું છે. બ્લિંકને કહ્યું કે કોરોના મહામારીના પડકારો દરમિયાન પણ અનેક ક્ષેત્રોમાં બંને દેશોની ભૂમિકા પ્રશંસનીય રહી છે.

ભારત-અમેરિકા શિક્ષણ સહયોગને લઈને હાવર્ડ યુનિવર્સિટીમાં બોલતા બ્લિંકને કહ્યું કે ૨૧મી સદીની સમસ્યાઓના સમાધાન માટે બંને દેશો વચ્ચેની ભાગીદારી ખુબ મહત્વપૂર્ણ અને પ્રાસંગિક છે. મને ભરોસો છે કે અમેરિકા-ભારત વચ્ચે રણનીતિક ભાગીદારી પણ જરૂરી છે.

આ આયોજનમાં ભારતના વિદેશમંત્રી ડો. એસ જયસંકર પણ સામેલ થયા હતા. તેમણે ત્યાં ભારતીય વિદ્યાર્થીઓ અને તે રિસર્ચર્સસાથે પણ વાત કરી જેમણે અમેરિકામાં કામ કર્યું છે. આ આયોજનમાં અમેરિકી વિદેશમંત્રીએ એમ પણ કહ્યું કે અમે ભાગ્યશાળી છીએ કે અમેરિકામાં લગભગ બે લાખ ભારતીય વિદ્યાર્થીઓ અમારી યુનિવર્સિટીઓમાં ભણી રહ્યા છે, જે પોતાના જ્ઞાનથી અમારી સંસ્થાઓ અને નાગરિકોને સમૃદ્ધ બનાવવામાં પોતાની ભૂમિકા નિભાવી રહ્યા છે. અમે જોઈએ છીએ કે અનેક અમેરિકી વિદ્યાર્થીઓ ફૂલબ્રાઈટ કે ગિલમેન ફેલોશિપ જેવા કાર્યક્રમોના માધ્યમથી ભારતમાં ભણી રહ્યા છે અને કામ પણ કરે છે.

# ત્રીજા દિવસે બજારમાં કડાકો, સેન્સેક્સ ૨૩૭ પોઈન્ટ તૂટ્યો

મુંબઈ, તા.૧૩

સ્થાનિક શેરબજારો બુધવારે શરૂઆતી લાભ ગુમાવીને સતત ત્રીજા દિવસે ઘટાડા સાથે બંધ થયા હતા. વૈશ્વિક સ્તરે મિશ્ર વલણ વચ્ચે વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા સતત વેચવાલીનું નેતૃત્વ કરતી એચડીએફસી લિ. અને એચડીએફસી બેંકના ઘટાડાને કારણે બીએસઈ સેન્સેક્સ ૨૩૭ પોઈન્ટના નુકસાનમાં હતો. ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ શરૂઆતના વેપારમાં મજબૂત ઓપનિંગ સાથે ખુલ્યો હતો પરંતુ તે લાભને ટકાવી રાખવામાં નિષ્ફળ રહ્યો હતો અને ૨૩૭.૪૪ પોઈન્ટ્સ અથવા ૦.૪૧ ટકાના ઘટાડા સાથે ૫૮,૩૩૮.૯૩ પોઈન્ટ પર સમાપ્ત થયો હતો. ટ્રેડિંગ દરમિયાન તે ઘટીને ૨૮૫.૧૪ પોઈન્ટ પર આવી ગયો હતો.

એ જ રીતે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૫૪.૬૫ પોઈન્ટ એટલે કે ૦.૩૧ ટકાના ઘટાડા સાથે ૧૭,૪૭૫.૬૫ પર બંધ થયો હતો. ગુરુવારે મહાવીર જયંતી અને ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતી અને શુક્રવારે ગુડ ફ્રાઈડેના અવસર પર શેરબજાર બંધ રહેશે.

# તમામ મસ્જિદો પરથી ૩ મે સુધીમાં લાઉડ સ્પિકર્સ હટાવી લો : રાજ ઠાકરે

**મસ્જિદ પરથી લાઉડ સ્પીકર નહીં હટાવવામાં આવે તો દેશમાં મસ્જિદ સામે હનુમાન ચાલીસા વાગશે : રાજ ઠાકરેની ચેતવણી**

મુંબઈ, તા.૧૩

મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ) પ્રમુખ રાજ ઠાકરેએ મસ્જિદોમાંથી લાઉડ સ્પીકર દૂર કરવાની માગણીને લઈ નવું અલ્ટિમેટમ બહાર પાડ્યું છે. સ્દ્રજી પ્રમુખ રાજ ઠાકરેએ ફરી એક વખત મસ્જિદો પર લાગેલા લાઉડ સ્પીકર દૂર કરવાની માગણી દોહરાવી હતી. મંગળવારે થાણે ખાતે આયોજિત સભામાં રાજ ઠાકરેએ કહ્યું હતું કે, હું રાજ્ય સરકારને સ્પષ્ટપણે કહેવા માગું છું કે, હું આ મુદ્દે પીછેહટ નહીં કરૂં. તમારે જે કરવું હોય તે કરો. વધુમાં કહ્યું હતું કે, એવો કયો ધર્મ છે જે બીજા ધર્મને તકલીફ આપે છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, મસ્જિદોમાંથી લાઉડ સ્પીકર હટાવી લેવાય તો આમને (મહારાષ્ટ્ર સરકારને) શા માટે નથી દેખાઈ રહ્યું? મત (વોટ) માટે. ઠાકરેએ સરકારને અલ્ટિમેટમ આપ્યું હતું કે, જો ૩ મે સુધીમાં મસ્જિદ પરથી લાઉડ સ્પીકર નહીં હટાવવામાં આવે તો દેશભરમાં મસ્જિદ સામે હનુમાન ચાલીસા વાગશે.

ઠાકરેએ એમ પણ કહ્યું હતું કે, ૩ મેના રોજ ઈદ છે. આગળ કહ્યું કે, અમે હોમ ડિપાર્ટમેન્ટને કહેવા માગીએ છીએ કે, અમને તોફાનો નથી જોઈતા. ૩ મે સુધીમાં તમામ મસ્જિદો પરથી લાઉડ સ્પીકર હટાવી લેવાય. અમારી તરફથી કોઈ તકલીફ નહીં આપવામાં આવે. આ સાથે જ રાજ ઠાકરેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ દેશમાં કોમન સિવિલ કોડ લાગુ કરવાની પણ માગણી કરી હતી.

# સંતોષ પાટીલ હત્યામાં કર્ણાટકના મંત્રી સામે એફઆઈઆર દાખલ

**કોન્ટ્રાક્ટર સંતોષ પાટીલના મોત કેસમાં કાર્યવાહી : કેએસ ઈશ્વરપ્પા સામેની એફઆઈઆર પર ચર્ચા બાદ નિર્ણય લેવા મુખ્યમંત્રી બસવરાજ બોમ્મઈની ખાતરી**

બેંગલુરુ, તા.૧૩

કોન્ટ્રાક્ટર સંતોષ પાટિલના મોત મામલે કર્ણાટકના કેબિનેટ મંત્રી કે એસ ઈશ્વરપ્પા વિરુદ્ધ ભ્રષ્ટાચારનો આરોપ લગાવનારા કોન્ટ્રાક્ટર સંતોષ પાટિલ ઉડુપીની એક હોટલમાંથી મૃત અવસ્થામાં મળી આવ્યા હતા. તેઓ હિન્દુ યુવા



એફઆઈઆર દાખલ થઈ છે. મૃતકના ભાઈ પ્રશાંતે ઈશ્વરપ્પા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. એફઆઈઆરદાખલ થયા બાદ કર્ણાટકના મુખ્યમંત્રી બસવરાજ બોમ્મઈનું કહેવું છે કે આ મામલે ઈશ્વરપ્પા સાથે વાત કરવામાં આવશે. આ બાજુ ઈશ્વરપ્પાનું કહેવું છે કે મુખ્યમંત્રી કહેશે તો તેઓ તેમનું રાજીનામું સોંપી દેશે.

અત્રે જણાવવાનું કે કર્ણાટક ગ્રામીણ વિકાસ અને પંચાયત રાજ મંત્રી કેએસ ઈશ્વરપ્પા પર વાહિનીના રાષ્ટ્રીય સચિવ પણ હતા. આ મામલે સીએમ બસવરાજ બોમ્મઈએ કહ્યું કે હા એફઆઈઆર દાખલ થઈ છે. મે તમામ માહિતી મેળવી હતી. આજે હું ઈશ્વરપ્પા સાથે વાત કરીશ. તેમની પાસેથી જાણકારી લઈશ. તેમને વ્યક્તિગત રીતે બોલાવીશ અને કેટલીક વાતો કરીશું. તેમણે કહ્યું કે તેમની સાથે એક એક કરીને વાત કરીશ ત્યારે મને સ્પષ્ટ સમજમાં આવશે. તેમની સાથે ચર્ચા કર્યા બાદ જ નિર્ણય લેશે.

સીએમ બોમ્મઈએ કહ્યું કે વિપક્ષી દળ આ મામલે ખામીઓ કાઢવાની કોશિશ કરી રહ્યા છે. તપાસ બાદ સચ્ચાઈ સામે આવી જશે. તેની પાછળ મુખ્ય ભૂમિકા કોણે ભજવી હતી, આ સમગ્ર મામલે પૃષ્ઠભૂમિ ખુબ મહત્વની છે. તપાસમાં બધુ સામે આવી જશે. ત્યારબાદ સચ્ચાઈ ખબર પડી જશે. મેં કહ્યું હતું કે કાયદા મુજબ તપાસ થશે અને અમે આ મામલે હસ્તક્ષેપ કરીશું નહીં. અમારા રાષ્ટ્રીય નેતા આ સમગ્ર મામલાથી માહિતગાર છે. અત્રે જણાવવાનું કે ઈશ્વરપ્પા વિરુદ્ધ ઉડુપી સિટી પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ થઈ છે.

# પાક. જેલમાંથી મેજર કંવલજીતને મુક્ત કરાવવાની પત્નીની માગણી

નવી દિલ્હી, તા.૧૩

સુપ્રીમ કોર્ટે ૧૯૭૧ થી પાકિસ્તાન દ્વારા અટકાયતમાં રાખવામાં આવેલા યુદ્ધ કેદી (પીઓડબલ્યુ) મેજર કંવલજીત સિંહની પત્ની દ્વારા દાખલ કરવામાં આવેલી પીઆઈએલમાં કેન્દ્ર પાસેથી જવાબ માંગ્યો છે. કોર્ટ મેજર કંવલજીત સિંહની પત્ની દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી રહી હતી, જેમાં તેમણે તેમના પતિને મુક્ત કરવાની માગ કરી. ૭૧ના યુદ્ધમાં પાકિસ્તાન દ્વારા ઘણા ભારતીય સૈનિકોને બંદી બનાવી લેવામાં આવ્યા હતા. જેમાં જસબીર કૌરના પતિ મેજર કંવલજીત સિંહ પણ સામેલ હતા.

# ઈડીએ નવાબ મલિકની આઠ મિલ્કતો કામચલાઉ ટાંચમાં લીધી

**દાઉદ ઈબ્રાહિમ અને તેના સહયોગિઓ સાથે સંકળાયેલા મની લોન્ડ્રિંગ કેસ મામલે મલિકની ધરપકડ કરાઈ હતી**

મુંબઈ, તા.૧૩

પ્રવર્તન નિદેશાલય (ઈડી)એ મહારાષ્ટ્ર સરકારમાં મંત્રી અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) નેતા નવાબ મલિક વિરૂદ્ધ કાર્યવાહી કરી છે. ઈડીએ નવાબ મલિકની સંપત્તિને પીએમએલએ અંતર્ગત કામચલાઉ રીતે ટાંચમાં લીધી છે.

ઈડીએ મહારાષ્ટ્રના મંત્રી મલિકની ૮ સંપત્તિઓ જપ્ત કરી લીધી છે. મલિક વિરૂદ્ધ મની લોન્ડ્રિંગ એક્ટ અંતર્ગત આ કાર્યવાહી કરવામાં આવી છે. ૬૨ વર્ષીય એનસીપી નેતા હાલ ન્યાયિક કસ્ટડીમાં છે. દાઉદ ઈબ્રાહિમ અને તેના સહયોગિઓ સાથે સંકળાયેલા મની લોન્ડ્રિંગ કેસ મામલે ૨૩ ફેબ્રુઆરીના રોજ તેમની ધરપકડ કરવામાં આવી હતી. ઈડીએ હાલ નવાબ મલિક અને તેના પરિવારના સદસ્યોની સંપત્તિને પ્રોવિઝનલ રીતે અટેચ કરી છે. આ સંપત્તિઓમાં તેમના પરિવાર દ્વારા સંચાલિત ફર્મ સોલિડ્સ ઈન્વેસ્ટમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ અને મલિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો પણ સમાવેશ થાય છે.

તે સિવાય જે સંપત્તિઓ જપ્ત કરવામાં આવી છે તેમાં કુર્લા વેસ્ટના ગોવાવાલા કમ્પાઉન્ડનો સમાવેશ થાય છે. ઉપરાંત કુર્લા વેસ્ટના ૩ ફ્લેટ્સ અને બાંદ્રા વેસ્ટના ૨ ફ્લેટ્સનો સમાવેશ થાય છે.

# વર્ષના અંતિમ મહિનામાં નિકાસમાં ૨૦ ટકાની વૃદ્ધિ

**માર્ચ-૨૨માં દેશની નિકાસ વર્ષ અગાઉના સમયગાળાની તુલનામાં ૧૯.૭૬ ટકા વધી ૪૨.૨૨ અબજ ડોલર થઈ**

નવી દિલ્હી, તા.૧૩

નાણાંકીય વર્ષ ૨૦૨૨ના અંતિમ મહિનામાં દેશની નિકાસમાં ૨૦%નો હાઈ જમ્પ જોવા મળ્યો છે પરંતુ આ સમયગાળા દરમિયાન આયાત અને નિકાસ વચ્ચેનો તફાવત વધતો જોવા મળ્યો છે. માર્ચ,

● અનુસંધાન પાન-૭ પર

જોઈએ છે

ફ્લેટની સ્કીમના માર્કેટીંગ માટે સ્ટાફ તથા એકાઉન્ટન્ટ અને ઓફીસ બોયની જરૂર છે. (ગાંધીનગર)

M. 98250 22173

સવારની અથવા સાંજની કોઈપણ બેચમાં જોડાઈ...

કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો

નાણાવટી

The Leader Since 1996

ઘ-૨ સર્કલ નજીક, હેવમોર આઈસ્ક્રીમ પાછળ, સેક્ટર-૨

ઓફીસ સમય : સવારે ૮ થી ૧૨, સાંજે ૪ થી ૮

મો. ૯૬૨૪૦ ૧૦૫૫૫

ડેમો માટે અમારી YouTube Channel ની મુલાકાત લો

ketannanavatigandhinagar

